# ગુડા વિસ્તારમાંથી ત્રણ દિવસમાં ૧૧૦ દબાણો હટાવાયા

## આજે પણ કુડાસણ વિસ્તારમાંથી ૨૫ દબાણો તોડાયા : હજુ દબાણો દુર કરવાની કામગીરી ચાલુ રહેશે



ગાંધીનગર તા ૬

ન્યુ ગાંધીનગર વિસ્તારમાં ગુડા દ્વારા દબાણો દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરાઈ છે. જે અન્વેય છેલ્લા ત્રણ દિવસમાં ૧૧૦ જેટલા દબાણો દુર કરાયા છે. જયારે આજે પણ કુડાસણ વિસ્તારમાંથી ૨૫ જેટલા દબાણો દુર કરાયા છે. ગુડાના રીઝર્વ પ્લોટમાંથી પણ દબાણ દુર કરવામાં આવ્યુ હતુ. જયારે રોડ સાઈડ ઓફિસનુ બાંધકામ થયુ હતુ તેનો પણ સફાયો કરવામાં આવ્યો હતો.

ગાંધીનગરના ગુડા વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસથી દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આજે પણ કુડાસણમાં દબાણો દુર કરાયા હતા. છેલ્લા ત્રણ દિવસમાં ગુડા દ્વારા ગાંધીનગર કોબા માર્ગ તેમજ કુડાસણ વિસ્તારમાંથી ૧૧૦ જેટલા દબાણો દુર કરાયા છે. જેમાં કાચા પાકા દબાણો તેમજ લારી ગલ્લાનો પણ સમાવેશ થાય છે. આ વિસ્તારમાં તાંણી બંધાયેલી પાકી દુકાનો પર પણ બુલડોઝર ફેરવી દેવાયુ છે. ગાંધીનગર શહેરમાં દબાણો દુર કરવાની ઝુંબેશ પણ હાથ ધરાઈ છે. ત્યારે શહેરી વિસ્તારમાં વધતા દબાણોના લીધે વધતી પાર્કીંગ, ગંદકી અને ટ્રાફિકની સમસ્યા પણ શિરદર્દ સમાન બની છે. આવા સંજોગોમાં ન્યુ ગાંધીનગરમાં પણ છેલ્લા કેટલાક સમયથી અનેકવિધ કોર્મશિયલ કોમ્પલેક્ષો અસ્તિત્વમાં આવ્યા છે. આવા સંજોગોમાં આ વિસ્તારમાં શેડ તેમજ ઓટલા સહીત કેટલાક ઠેકાણે ગેરકાયદેસર રીતે દુકાનો પણ તાંણી બંધાઈ હતી. જયારે આ પ્રકારના દબાણો દુર કરવા માટે ગુડાનુ તંત્ર મેનપાવર અને મશીનરી સાથે ત્રાટકતા સ્થાનિકોમાં પણ ફફડાટ પ્રવર્તયો છે.

છેલ્લા ત્રણ દિવસમાં ગુડા દ્વારા ૧૧૦ જેટલા દબાણો દુર કરાયા છે. આજે પણ ગુડા દ્વારા કુડાસણ ટી પી -૬ માં દબાણ હટાવ કામગીરી હાથ ધરાઈ હતી. જેમાં ગુડાના રીઝર્વ પ્લોટમાંથી પણ દબાણો દુર કરાયા હતા. જયારે એક ઠેકાણે રોડ સાઈટ ઓફિસનુ બાંધકાર કરાયુ હતુ તેના પર બુલડોઝર ફેરવી દેવાયુ હતુ. આ ઉપરાંત પાર્કીંગ અને શેડ સહીત કુલ ૨૫ જેટલા દબાણોનો સફાયો કરાયો હતો.

# હા... સાહેબ !



"અરે..! તારીખ પે તારીખ..!!"

"અ...હં..! કેમ તમારે પાછો કોર્ટમાં કેસ ચાલે છે કે શુ..? મુદતો બહુ પડે છે..?!"

"અલ્યા ભાઈ..! કોર્ટની મુદતની વાત નથી કરતો..! આ તમારા હવામાનખાતા અને હવામાનશાસ્ત્રીઓની વરસાદની આગાહીઓની વાત કરૂ છુ..! કેટલી બદલાઈ..? એકાદ તો સાચી પડવી જોઈએ ને..?!"

"ઓ હો હો..! તમે તો બહુ ગંભીર તુલના કરો છો..! વરસાદ નથી પડતો એમાં તમે આટલા બધા ટેન્શનમાં કેમ આવી જાઓ છો..?!"

"ટેન્શનમાં તો આવે જ ને સાહેબ..?! પીવાના પાણીની તંગી થશે..! અબોલ પશુ-પક્ષીના ઘાસચારાની ચિંતા છે..! ખેતરોમાં પાક સુકાશે..! ઉત્પાદન ઘટશે.... મોંઘવારી વધશે... અને સમગ્ર અર્થતંત્ર ફરી પાછુ ખોટવાશે..!!"

"ના ના ના... એટલું બધું નહીં..! દેશના મોટાભાગના વિસ્તારોમાં ૫૨ થી ૬૦ ટકા વરસાદ પડ્યો જ છે. માત્ર અને માત્ર ગુજરાતના બે-પાંચ જિલ્લામાં ૫ થી ૭ ટકા વરસાદ પડ્યો છે..! એમાં આટલી રાડારાડ શાની કરો છો..?!"

"અરે..! આ તો ચિંતાનો વિષય છે ભાઈ..! તમે માત્ર ચૂંટણીની દૃષ્ટિએ વાત ના કરો..! કેટલામાં પડ્યો અને કેટલામાં ના પડ્યો... આપણા ગુજરાતની વાત કરો... આપણા વિસ્તારની વાત કરો..! આસામ-બિહારમાં પૂર આવે એમાં આપણું શું..?!"

"બહુ સંકુચિત થઈ ગયા છો હોં આજકાલ..! સ્વાર્થ હોય પણ આટલો બધો ના હોય..! થોડું રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરનું પણ વિચારો..!"

"હા..! ઉપદેશ આપો છો તમે..! હું તો એમ કહું છુ કે માનવ જાતનું વિચારો..! માત્ર દેશનું જ શું કરવા..?! તમને આસામમાંથી ૪૦ લાખ લોકોને હાંકી કાઢવાની હોંશ છે અને પશ્ચિમબંગાળમાંય એજ સ્થિતિ છે..! કેમ એ બધા માણસો નથી..?! કામધંધો નથી કરતાં..?! ચોર-લુંટારા-આતંકવાદી છે..?! કેમ હાંકી કાઢવા છે..?! જવાબ આપો પછી ખબર પડશે કે કોણ સંકુચિત છે ને કોણ..!!"

"ખરા છો તમે..! તરત જ તમે તો દુઃખતી રગ પકડો છો..!! આપણા દેશમાં ગેરકાયદેસર રહેતા વિદેશી નાગરીકોને હાંકી કાઢવા આપણી પ્રાથમિકતા હોવી જોઈએ..! એ આપણી રાષ્ટ્રીય ભાવના છે..! એમાં માનવ અધિકારની વાતો ના લાવો તો સારૂ..!!"

"હા... એ તો અમને ખબર છે તમારો સગવડીયો ધરમ..! જયાં-જેવું-જેટલું યોગ્ય લાગે તેટલું તમારૂ... બાકી બધું..!!"

"ના... સાહેબ...ના..!! આપણા દેશની મુખ્ય સમસ્યાઓ ઉકેલવી હશે તો... કેટલાંક કઠોર પગલાં લેવા જ પડશે... કાશ્મીર માટે કલમ-૩૫ની વાત હોય... કે એનઆરસીના રીપોર્ટની વાત હોય..! કરચોરીની વાત હોય કે ગેરકાયદેસર દબાણની વાત હોય..! લાલ આંખ કરવાનો સમય બારણે ટકોરા મારે છે..! હવે વધુ વિવાદ કે વિલંબ પોષાય એમ નથી..! જો વિકાસ આપણી પ્રાથમિકતા હોય તો વિવાદને દફનાવી સંવાદને અપનાવીએ..!! ખરૂને..?!"

"હા... સાહેબ... હા..!!"

# જિલ્લામાં ૩૦ હજાર બાળકો "પ્રિય બાળકો"ની કેટેગરીમાં આવે છે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં ૩૦ હજાર બાળકો "પ્રિય બાળક" કેટેગરીમાં આવે છે જે જિલ્લાના કુલ વિદ્યાર્થીઓના ૨૫ ટકાથી પણ વધુ છે. ધો. ૬ થી ૮ માં ૦ થી ૫ ગુણ મેળવનાર બાળકોની સંખ્યા જોઈએ તો ધો. ૬માં ૧૦,૭૫૯, ધો. ૭ માં ૧૨,૩૮૨ અને ધો. ૮ માં ૯૧૯૭ બાળકોનો સમાવેશ થાય છે.

**અધિકારીઓએ "મિશન વિદ્યા" અંતર્ગત કરેલ કામગીરીનો રોજેરોજ રિપોર્ટ આપવો પડશે : "મિશન વિદ્યા"માં અધિકારીઓને રૂટની ફાળવણી કરવાની સાથે લાયઝન અધિકારીઓ પણ ફાળવી દેવાયા છે**

"મિશન વિદ્યા" અંતર્ગત જિલ્લામાં ૦ થી ૫ ગુણ મેળવનાર બાળકોને પ્રિય બાળક કેટેગરીમાં મુકવામાં આવ્યા છે. હાલ જિલ્લામાં કુલ ૧,૧૫,૫૩૪ બાળકો વિવિધ શાળાઓમાં અભ્યાસ કરી રહ્યા છે.

ગુણોત્સવ પરિણામના આંકડાઓએ સૌને ચોંકાવી દીધા મળતી વિગતો પ્રમાણે ધો. ૬ થી ૮માં વાંચનમાં ૮૨૮૬ બાળકો નબળા જણાયા છે જે ધો. ૬ના કુલ બાળકોના સાપેક્ષમાં ૧૩ ટકા જેટલા થવા જાય છે. લેખનમાં ૧૦,૭૫૯ બાળકો નબળા જણાયા છે જે ૧૮ ટકાની આસપાસ થવા જાય છે. આજ પ્રમાણે ગણનમાં ૧૩,૦૯૩ બાળકો મળી આવ્યા છે જે કુલ બાળકોના સાપેક્ષમાં ૨૫ ટકા જેટલા થવા જાય છે.

જિલ્લામાં ગુણવત્તાસભર શિક્ષણ બનાવવા તેમજ "મિશન વિદ્યા" અંતર્ગત બાળકને મીનીમમ લર્નિંગ લેવલ સુધી લઈ જવા માટે હવે ૫૦ અધિકારીઓને વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે. ૩૧મી ઓગષ્ટ સુધી આ અધિકારીઓ નિયમિત રીતે બે કલાક ઓફિસની ફરજો ઉપરાંત "મિશન વિદ્યા"ની કામગીરી સંભાળશે.

જિલ્લામાં "મિશન વિદ્યા"માં અધિકારીઓને રૂટની ફાળવણી કરવાની સાથે લાયઝન અધિકારીઓ પણ ફાળવી દેવાયા છે અને રોજેરોજની કામગીરીનો રિપોર્ટ આપવા માટે કડક તાકીદ પણ કરવામાં આવી છે.

# ગાંધીનગર - અમદાવાદમાં આગામી ત્રણ દિવસમાં ધોધમાર વરસાદ આવશે

## તા ૮ થી ૧૦ ઓગષ્ટ મેઘરાજા મનમુકીને વરસશે : અંબારામ

ગાંધીનગર તા ૬

સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતને તરબતર કરી દીધા બાદ ગાંધીનગર અમદાવાદ સહીત ઉત્તર ગુજરાતમાં સાંબેલાધાર વરસાદ થશે તેમ મનાઈ રહયુ હતુ. પરંતુ વરસાદની વાટે રહેલા ખેડુતો અને આમ નાગરિકો પણ હવે ચિંતિત બન્યા છે. છેલ્લા ઘણા દિવસોથી આકાશમાં ઘેરવો નાંખતા વાદળો પણ વરસ્યા વિના જ વિખેરાઈ જતા વરસાદ હવે ક્યારે આવશે તેની ચિંતા સૌ કોઈને સતાવી રહી છે. આ અંગે જાણીતા હવામાન તજજ્ઞ અંબારામ પટેલે આગામી તા ૮ થી ૧૦ ઓગષ્ટ દરમિયાન ગાંધીનગર અમદાવદવામાં ધોધમાર વરસાદ પડશે તેમ પણ જણાંવ્યુ છે.

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં ભારે વરસાદના અંતે મેઘરાજા ખમૈયા કરે તેવી પ્રાર્થના સ્થાનિકો કરી રહયા છે. જયારે મેઘરાજાએ મનમુકીને હેત વરસાવતા ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. પરંતુ ભરચોમાસે ગાંધીનગર અને અમદાવાદ સહીતના ઉત્તર ગુજરાતના વિસ્તારમાં વરસાદી વાદળો ઘેરાતા જોવા મળે છે. પરંતુ લાંબા સમયથી વરસાદ વરસતો નથી. રોજબરોજ આકાશી નઝારો બદલાય છે. ગાજયા મેઘ વરસતા નથી. આકાશમાં ઘેરાવો નાંખતા કાળા ડીંબાગ વાદળો વરસ્યા વિના જ વિખેરાઈ જતા વરસાદની આશ ઠગારી નિવડે છે જયારે મોસમના બદલાવ વચ્ચે બે દિવસ અગાઉ નગરજનોએ ઉનાળા જેવી ગરમીનો અહેસાસ પણ કર્યા હતો. અમદાવાદમાં પણ મેઘરાજાએ હજુ હેત વરસાવ્યુ નથી. જયારે ગાંધીનગર શહેરમાં પણ હજુ સિઝનનો માંડ સવા પાંચ ઈંચ જેટલો વરસાદ જ થયો છે. છાંટણા વરસાવી જતા મેઘરાજા માટી ભીની કરીને અદ્રશ્ય થઈ જાય છે. ત્યારે ખેડુતોમાં પણ રીસાયેલા મેઘરાજા ચિંતાનો વિષય બની ગયા છે. ખેડુતો પણ હવે વિલંબિત વરસાદથી ભારે ચિંતિત છે. ત્યારે મેહુલિયો મનમુકીને વરસે તે માટે સૌ કોઈ ઉત્સુક છે. જો કે જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલના જણાંવ્યા મુજબ ગાંધીનગર અને અમદાવાદ સહીત ઉત્તર ગુજરાતના વિસ્તારમાં આગામી તા ૮ થી ૧૦ ઓગષ્ટ દરમિયાન ધોધમાર વરસાદ થાય તેવી શક્યતા હોવાનુ જણાંવ્યુ છે.



વિચિત્ર અકસ્માત - ચ-માર્ગ પર ગાયત્રી મંદિર સામે વળાંક પર પૂરઝડપે દોડતી કારના ચાલકે કાબુ ગુમાવતા ડીવાઈડર પર ચડી જતાં વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. જોકે કોઈને ઈજા થયાનું નોંધાયું નથી.

# એસ ટી ના કર્મચારીઓ ૮ ઓગષ્ટ સુધી કાળી પટ્ટી બાંધી વિરોધ પ્રદર્શિત કરશે

## સાતમા પગારપંચ સહીત અન્ય ૧૫ જેટલા પડતર પ્રશ્નો માટે આજે કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી

ગાંધીનગર તા ૬

ગાંધીનગર એસ ટી ડેપોમાં આજે ડ્રાઈવર કંડકટર સહીતના સ્ટાફે સાતમા પગારપંચ સહીત અન્ય પડતર પ્રશ્નોની માંગણીને અનુલક્ષી કાળી પટ્ટી ધારણ કરીને ફરજ અદા કરી હતી. અનોખી રીતે વિરોધ પ્રદર્શિત કરીને વિવિધ ૧૫ જેટલા પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે માંગણી કરી હતી. એસ ટી ના કર્મચારીઓ આગામી તા ૮ ઓગષ્ટ સુધી કાળી પટ્ટી ધારણ કરીને વિરોધ પ્રદર્શિત કરશે. જયારે આગામી દિવસોમાં પણ સુત્રોચ્ચાર કરવાની સાથે ઉગ્ર લડત આપવા પણ કર્મચારીઓએ ચીમકી ઉચ્ચારી છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરો માટે પુરતી સુવિધા નથી. ડેપો સંકુલની સલામતી પણ રામભરોસે છે. ત્યારે એસ ટી માં અપડાઉન કરતા મુસાફરોની સાથે એસ ટી ના ડ્રાઈવર કંડકટર સહીતના સ્ટાફના પણ પડતર પ્રશ્નોનો લાંબા સમયથી નિકાલ આવતો ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં પડતર પ્રશ્નોની માંગણીઓનુ નિરાકરણ લાવવા માટે છેલ્લા ઘણાં સમયથી ડેપોના ડ્રાઈવર કંડકટર તેમજ અન્ય સ્ટાફના કર્મચારીઓ દ્વારા પ્રબળ માંગણી કરવામાં આવી રહી છે. એસ ટી ના કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ ન મળવાની સાથે અન્ય પડતર પ્રશ્નોનો પણ નિકાલ ન આવતા આજે ડેપોના કર્મચારીઓએ સંકુલમાં કાળી પટ્ટી ધારણ કરી હતી. જયારે ડ્રાઈવર કંડકટર સહીતના કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરીને વિરોધ પ્રદર્શિત કર્યો હતો. સાતમા પગારપંચનો લાભ તેમજ અન્ય ૧૫ જેટલી માંગણીઓ સંતોષાય તે માટે રજુઆત પણ કરવામાં આવી હતી. કીલોમીટર પુરા થઈ ગયા હોય તેવા વાહનો દુર કરવા, ઓવરટાઈમ ચુકવવા, મહીલા કર્મચારીઓ માટે જરૂરી સુવિધાઓ ઉભી કરવી સહીતના પ્રશ્નોના નિરાકરણ માટે પણ માંગણી કરવામાં આવી છે. ડેપોના કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરીને ફરજ બજાવી હતી.

જો કે હજુ પણ કર્મચારીઓની માંગણી નહીં સંતોષાય તો આગામી દિવસોમાં કર્મચારીઓએ એકજુથ થઈને ઉગ્ર લડત આપશે તેવા પણ એંધાણ વર્તાય છે. વિવિધ ૧૫ માંગણીઓ સાથે એસ ટી ના કર્મચારીઓ તા ૮ ઓગષ્ટ સુધી કાળી પટ્ટી ધારણ કરીને વિરોધ નોંધાવશે.

# ન્યુ ગાંધીનગર વિસ્તારમાં ડેનગ્યુના છુટા છવાયા કેસ

## ભેજવાળા હવામાનને કારણે વાહકજન્ય રોગચાળાના નિયંત્રણ માટે તંત્ર હરકતમાં

ગાંધીનગર, તા.૬

ન્યુ ગાંધીનગર વિસ્તારમાં ડેનગ્યુના છુટા છવાયા કેસોની સંખ્યા વધતાં જિલ્લા મેલેરિયા તંત્ર એ તેની કામગીરી સઘન બનાવી છે.

જિલ્લામાં હવામાનમાં જે રીતે સતત ભેજવાળુ વાતાવરણ પ્રવર્તી રહ્યું છે તેને પગલે ડેનગ્યુના મચ્છરોની ઉત્પત્તિનું સૌથી સાનુકળ વાતાવરણ છે. આ વિસ્તારમાં છુટા છવાયા કેસો છેલ્લા ત્રણેક દિવસથી પુનઃ મળવાના શરુ થતાં મેલેરિયા તંત્ર હરકતમાં આવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ડેનગ્યુના જે છુટા છવાયા કેસો મળ્યા છે તે ખાનગી હોસ્પિટલમાં નોંધાયેલા છે. જો કે તંત્ર દ્વારા એન્ટી લારવેલ, ફોગીંગ અને સર્વેલન્સની કામગીરીને સઘન બનાવવામાં આવી છે. ન્યુ ગાંધીનગરનો વિસ્તાર ડેનગ્યુ સહિત વાહક જન્ય રોગચાળા માટે અતિ સંવેદનશીલ વિસ્તાર હોવાનું તંત્ર અગાઉથી કહી ચુકયું છે. આ વિસ્તારમાં જનજાગૃતિ અભિયાન અંતર્ગત ન્યુ ગાંધીનગર વિસ્તાર વિકાસ મંડળના સહયોગમાં રહી અને ખાસ રાત્રિ સભાનું પણ સોસાયટીના પ્રમુખ-મંત્રીઓની બેઠક કરવામાં આવી હતી જે નોંધનીય છે. ન્યુ ગાંધીનગર વિસ્તારમાં હાલ એકસોથી વધુ સોસાયટીઓમાં વસવાટ શરુ થઈ ચુકયો છે એટલું જ નહિ આ પંથકમાં જિલ્લામાં સૌથી વધુ ૮૯ કન્સ્ટ્રકશન સાઈટો ચાલુ છે. તંત્ર હવે આ બધી બાબતોને લઈ વધુ ગંભીર બનેલ છે. જિલ્લામાં વરસાદ ખેંચાતા અને સતત ભેજવાળા વાતાવરણને કારણે આ વિસ્તાર વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ બન્યો છે.

# સરગાસણ-ઉવારસદ રોડ પર ગુડા પોતાની જમીનમાં જ "ગુડાભવન" નિર્માણ કરશે

ગાંધીનગર, તા. ૬

સરગાસણ-ઉવારસદ-વાવોલ રોડ પર ગુડા હવે પોતાની રીતે "ગુડાભવન" બનાવશે.

તાજેતરમાં ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની મળેલ બોર્ડ બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવેલ છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સત્તામંડળની મુસદ્દારૂપ નગરરચના યોજના નં. ૯માં ગુડાને નેબરહુડ સેન્ટરના હેતુ માટે સંપ્રાવી થયેલ જમીનમાં જ ગુડાભવન બાંધવામાં આવશે. આ માટે નેબરહુડ "વિસામો'. બનાવવાનો જે નિર્ણય લેવામાં આવ્યો હતો તે નિર્ણય રદ પણ કરી દેવામાં આવ્યો છે અને હવે ગુડાભવન નિર્માણ માટેની આનુસંગિક કામગીરી કરવા મુખ્ય કારોબારી અધિકારીને નિયુક્ત કરવામાં આવ્યા છે.

ગુડામાં હાલ ૭૦ જેટલા કર્મચારીઓ ફરજો બજાવે છે અને ત્રણ અલગ-અલગ જગ્યાએ કામગીરી ચાલે છે. આ ઉપરાંત રેકર્ડ કાયમી પ્રકારનું હોવાથી તેની જાળવણી પણ ખુબ મહત્વની છે. વર્તમાન કચેરી વ્યવસ્થાને પરિણામે અત્રેથી રેકર્ડની સાચવણી હેરફેર તેમજ નિભાવણી બાબતે અગવડતા અને મુશ્કેલીઓ ઉભી થાય છે.

આ ઉપરાંત કચેરીનું કાર્યભારણ સતત વધતુ રહ્યુ હોવાથી અદ્યતન સુવિધા સાથેનું ગુડાભવન પોતાની રીતે જ તેને સંપ્રાવી થયેલ જમીનમાં બનાવવા માટે નિર્ણય લેવાયો છે.

શહેરમાં અગાઉ ગુડાભવન નિર્માણ માટે સરકાર પાસે જગ્યાની ફાળવણી કરવા રજુઆતો કરાઈ હતી પરંતુ સરકારે નનૈયો ભણ્યો હોવાથી ગુડા હવે પોતાની રીતે આગળ વધશે તેમ જાણવા મળેલ છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com